# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02/01/2026** **Morning : 7.00 to 7.10**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ST નિગમના 4 હજાર 742 ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કરશે.**
2. **સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાંથી 17 કરોડ 54 લાખ રૂપિયાથી વધુનો માદક પદાર્થ ઝડપાયો.**
3. **SIR-2026 હેઠળ આવતીકાલે અને રવિવારે મતદાન મથકો પર વિશેષ ઝુંબેશ હાથ ધરાશે.**
4. **રાજ્યમાં આગામી પાંચ દિવસ ઠંડીમાં વધારો થવાની શક્યતા.**
5. **પોરબંદર ખાતે રાજ્યકક્ષાનો દિવ્યાંગ વિશેષ ખેલ મહાકુંભ યોજાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# CM APPOINTMENT LETTER

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે એસ.ટી. નિગમના ચાર હજાર 742 ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કરશે. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ સમારોહમાં ત્રણ હજાર 84 ડ્રાઈવર અને એક હજાર 658 હેલ્પરકક્ષાના ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કરાશે.

આ સમારોહ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્ય કક્ષાના મંત્રી પ્રવીણ માળી પણ ઉપસ્થિત રહેશે.

# CM MEHSANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિકાસ કામોમાં ગુણવત્તા પર ભાર આપવા અધિકારીઓને અનુરોધ કર્યો. મહેસાણામાં 836 કરોડ રૂપિયાના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા શ્રી પટેલે જણાવ્યું, કે ગુણવત્તા વગરનું કોઈપણ કામ ચલાવી લેવાશે નહીં.

તેમણે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન રાજ્યએ મેળવી સિદ્ધિઓ વિશે પણ વાત કરી.

**બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી**

# SURENDRANAGAR MAADAK PADARTH

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલાના બે ખેતરોમાંથી 17 કરોડ 54 લાખ રૂપિયાથી વધુનો માદક પદાર્થ ઝડપાયો છે. બાતમીને આધારે પોલીસે દરોડો પાડતા કસવાળી ગામના સંજયભાઈ તાવીયાની વાડીમાં એરંડા અને કપાસની આડમાં વાવેતર કરાયેલા માદક પદાર્થ મળી આવ્યો હતો. જેમાં માદક પદાર્થના 550 છોડ મળીને 15 કરોડ 18 લાખ 40 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો.

અન્ય એક દરોડામાં ભાવુભાઈ મીઠાપરા પાસેથી બે કરોડ 35 લાખ 90 હજાર રૂપિયાનો 471 કિલો વજનના માદક પદાર્થના 120 છોડ મળી આવ્યા હતા. આ બંને શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

# KUTCH DISTRICT VIBRANT SUMMIT

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત કચ્છ જિલ્લા કક્ષાના વાઈબ્રન્ટ કાર્યક્રમનું આયોજન આજે ગાંધીધામ ખાતે આયોજન કરાયું છે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને મહત્વપૂર્ણ સમજૂતી કરાર સાથે વિવિધ ટેક્નિકલ સેશન, એક્ઝિબિશન તેમજ પેનલ ચર્ચા યોજાશે.

જેમાં કચ્છના પોર્ટ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ લોજિસ્ટિક, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ, મિનરલ પ્રોસેસિંગ, રિન્યુએબલ એનર્જી એન્ડ ગ્રીન હાઈડ્રોજન, ટુરિઝમ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટસના ક્ષેત્રોને કેન્દ્રિત કરવામાં આવ્યા છે. આ ક્ષેત્રો સાથે સંકળાયેલા વિવિધ ઉદ્યોગો, સરકારી સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ વગેરે સહભાગી બનશે. જિલ્લાકક્ષાના

વાઈબ્રન્ટ પ્રોગ્રામમાં, કચ્છના સંલગ્ન ઉદ્યોગોને આવરી લેતા એક્ઝિબિશનમાં ૬૦થી વધારે સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે.

## SIR CAMPAIGN

મતદાર યાદી વિશેષ સઘન સુધારણા કાર્યક્રમ-2026 હેઠળ આવતીકાલે અને રવિવારે જિલ્લાના તમામ મતદાન મથકો પર વિશેષ ઝુંબેશ હાથ ધરાશે. જેમાં નવા મતદાર તરીકે જોડાવવા માટે ફોર્મ નં **6**, મતદાર યાદીમાંથી નામ કમી કરાવવા માટે ફોર્મ નં **7** અને નામ ટ્રાન્સફર તથા અન્ય સુધારા માટે ફોર્મ નં **8** ભરી શકાશે.

અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાંથી વિશેષ ઝુંબેશના દિવસો અને તે સિવાયના દિવસોના કુલ ત્રણ લાખ **98** હજાર ફોર્મ મળ્યા છે. ચૂંટણી અધિકારીઓ તથા મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા આ ફોર્મની ચકાસણી કરી આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મતદારો 18 જાન્યુઆરી સુધી સુધારા-વધારા માટે અરજી કરી શકશે

## S. GUJ CHAM. COMMERCE

તાજેતરમાં ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે. ભારતની અર્થવ્યવસ્થાનું કદ **4.18** ટ્રિલિયન ડોલર આંકવામાં આવ્યું છે. જેને લઈ

વેપાર જગતમાં પણ ખુશીનો માહોલ છે. આ અંગે દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના વડા નિખિલ મદ્રાસીએ પ્રતિક્રિયા આપી

**બાઇટ : નિખિલ મદ્રાસી, વડા, S. GUJ CHAM. COMMERCE**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................................

## TAPI CHITRAKAR

તાપી જિલ્લાની દિવ્યાંગ યુવતી કોઈપણ જાતની તાલીમ વિના આબેહૂબ ચિત્રો બનાવે છે. માત્ર ધોરણ આઠ ભણેલી સેજલ ગામીતને બાળપણથી જ ચિત્ર બનાવવાનો શોખ હતો.

વ્યારાના ઊંચામાડા ગામની સેજલનો ચિત્રો બનાવવાનો આ શોખ તેમની માતાએ પૂરો કર્યો. આ અંગે તેમની માતા ગિરજાબેને વધુ માહિતી આપી.

બાઈટ: ગીરજાબેન ગામીત (માતા)

# FLOWER SHOW

અમદાવાદમાં યોજાઇ રહેલા આંતરરાષ્ટ્રીય ફ્લાવર શો **2026**એ આ વર્ષે બે નવા વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યા છે. "ભારત એક ગાથા" થીમ હેઠળ આયોજિત આ ફ્લાવર શોમાં પ્રથમ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ વિશ્વના સૌથી મોટા ફ્લાવર મંડલાનો છે, જ્યારે બીજો ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સરદાર વલ્લભભાઈ પટેલના વિશ્વના સૌથી મોટી ફ્લાવર કલાકૃતિનો છે.

ફ્લાવર શોના પહેલા દિવસે જ લોકોએ મોટી સંખ્યામાં આ શોને માણ્યો. ભાવનગર વાઘનગર કન્યાશાળાના વિદ્યાર્થીઓ પણ મુલાકાતે આવ્યા હતા.

આ અંગે શાળાના શિક્ષકે પ્રતિક્રિયા આપી.

બાઇટ : **BHAVNAGAR TEACHER**

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ ઠંડીમાં વધારો થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સાત જાન્યુઆરી સુધી રાજ્યના લઘુત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે.

જ્યારે પવનની દિશા પૂર્વથી ઉતર પૂર્વ રહેશે, તેમ હવામાન વિભાગના નિયામક ડો. એ કે દાસે જણાવ્યું.

બાઈટ : એ.કે દાસ હવામાન વિભાગ નિયામક

રાજ્યનું સૌથી ઓછું તાપમાન નલિયામાં 12.2 ડિગ્રી, જ્યારે ગાંધીનગરમાં 16.10 ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું.

## PORBANDAR KHEL MAHAKUMBH

પોરબંદર ખાતે રાજ્યકક્ષાનો દિવ્યાંગ વિશેષ ખેલ મહાકુંભ યોજાશે. રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના માર્ગદર્શનમાં યોજાનાર આ રાજ્યકક્ષાની સ્પર્ધામાં સેરેબ્રલ પાલ્સી, ઓટીઝમ, થેલેસેમિયા, સિકલસેલ, હિમોફિલિયા, પાર્કિન્સન્સ અને ક્રોનિક ન્યુરોલોજી જેવી વિવિધ દિવ્યાંગ શ્રેણીના ખેલાડીઓ પોતાની ખેલ પ્રતિભા દર્શાવશે. રાજ્યકક્ષાનો આ સંપૂર્ણ કાર્યક્રમ 10 જાન્યુઆરીથી શરૂ થશે.

## RAIL ONE APP

રેલવે બોર્ડ દ્વારા રેલવન **(RAILONE)** એપથી અનારક્ષિત ટિકિટ બુકિંગ પર મુસાફરોને 3 ટકા લાભ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વર્તમાનમાં રેલવન એપ પર આર-વોલેટ **(R-WALLET)** દ્વારા અનારક્ષિત ટિકિટ બુક કરવા પર મુસાફરોને 3 ટકા બોનસ કેશબેકની સુવિધા આપવામાં આવી રહી છે.

આ સુવિધાને વધુ વ્યાપક બનાવતા, હવે આર-વોલેટ સિવાયના તમામ ડિજિટલ પેમેન્ટ માધ્યમો—જેમ કે **UPI,** ડેબિટ/ક્રેડિટ કાર્ડ દ્વારા ટિકિટ બુક કરવા પર

મુસાફરોને ટિકિટના મૂલ્ય પર ૩ ટકા છૂટ આપવામાં આવશે. આ યોજના ૧૪ જાન્યુઆરીથી ૧૪ જુલાઈ ૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

# AMUL DAIRY

અમૂલ ડેરી દ્વારા સિમેનના ભાવમાં ૫૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ચેરમેન સાભેસિંહ પરમારની અધ્યક્ષતામાં યોજાયેલી પ્રથમ બોર્ડ બેઠકમાં આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લામાં દૂધાળા પશુઓના જાતિ સુધારણા માટે નિર્ણય લેવામાં આવ્યો છે.

સામાન્ય રીતે બજારમાં સિમેન એક હજારથી પાંચ હજાર રૂપિયા પ્રતિ ડોઝ મળે છે. જેના થકી ૮૫ ટકાથી વધુ પાડી કે વાછરડીનો જન્મ થાય છે. બોર્ડ બેઠકમાં ગાય ભેંસના સિમેનના ભાવમાં ૫૦ ટકાનો ઘટાડો કરીને માત્ર 25 રૂપિયા પ્રતિ ડોઝમાં ઉપલબ્ધ કરાવવા મંજૂરી આપવામાં આવી છે.

------------------------------------------------------------